**રે.દિ.મુ નં ૨૬/૨૦૨૨ ના કામે આંક ૫ ની અરજી લગત હુકમ**

(૧)હાલની અરજી વાદી/અરજદારે સી.પી.સી ઓર્ડર ૩૯ રૂલ ૧ અને ૨ તથા કલમ ૧૫૧ મુજબ કામચલાઉ દરમ્યાન મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે જેની ટુકમાં હકીકત એવી છે કે વાદીના પિતાશ્રી નારાયણ ભુરેસિંગ પાડવીની સ્વતંત્ર માલિકી,કબજા ભોગવટા વહીવટવાળી જમીન મોજે કંડ્રોજ તા.નિઝર (કુકરમુંડા) જી.તાપી મુકામે ખાતા નં ૦૦ થી બ્લોક/સર્વે નં ૧૧/૧ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૧-૨૫-૪૫ આકાર રૂ 0=00 પૈસાવાળી ખેતીવિષયક જમીન ચાલી આવેલ છે.સદર જમીન ઉકાઇ જળાશય બાંધકામ ખાતુ યોજના હેઠળ આવેલ છે. સદરહુ દાવાવાળી જમીન ઉકાઇ જળાશય યોજનાની પાણીની સપાટી ૩૪૫ ફૂટ પુરતી સીમીત હોવાથી બાકીની જમીનમા પાણી ના ભરાતુ હોવાથી તે બચત જમીન સદર જમીનના જેતે માલિકી હેઠળ ખેડવામા આવતી હોવાથી વાદી તેના ઉપર કાયદેશરના માલિક તરીકે કબજો ધરાવે છે .આમ ઉપરોકત દાવાવાળી જમીનમા વાદીનો પ્રત્યક્ષ માલિકી ,કબજો ભોગવટો વહીવટ ચાલી આવેલ હોય વાદી દાવાવાળી જમીન વર્ષો થી ખેડ ખાતર કરી તુલ કરી ઉપજ લેતા આવેલ છે .આ કામના પ્રતીવાદી નં ૧ તથા ૨ નાઓ ગેરકાયદેશર રીતે સદર જમીનમા કબજો મેળવવાના આશયથી વાદીની જમીનમા હસ્તક્ષેપ કરી અવરોધ ઉભો કરે છે અને દાવાવાળી જમીનમા ખોટી રીતે તથા ગેરકાયદેશર રીતે કબજો પડાવી લેવાનો પ્રયત્ન કરી રહેલા હોવાથી દાવો કરવાનો કારણ ઉભુ થયેલ છે .દાવાના કારણ મા જણાવવામા આવેલ છે કે વાદી તા ૧૧/૧૧/૨૦૨૨ ના રોજ સવારે ૧૧/૦૦ કલાકે વાદી ચોમાસાની સીઝન દરમ્યાન ખેતીકામ કરવા સારૂ દાવાવાળી જમીન (ખેતર) મા હોય તે સમયે વાદીને જોઇ વાદીના ખેતરમા આવી ધમકી આપી જણાવવા લાગેલ કે આ જમીનમા શીયાળાની સીઝનમા અમે લોકો ખેતી કરવાના છે તુ આ જમીન છોડીને બીજે કશે ચાલ્યો જા આ જમીનમા હવે પછી તારે પગ મુકવાનો નથી નહી તો તારા ટાંટિયા ભાંગી નાખીશું એ મુજબની ધમકી આપતા હાલનો દાવો કરવામા આવેલ છે .વધુ મા જણાવવા મા આવેલ છે કે દાવો ચાલતા દરમ્યાન વાદીને ખેડ-ખાતર - તુલ કરી ઉપજ લેતા આ કામના પ્રતિવાદીઓ કે તેમના માણસો હસ્તે

પર–હસ્તે હરકત કે દખલ કે અટકાયત કરે કરાવે નહી તે મતલબનો દાવાનુ કામ ચાલી આખરી નિકાલ આવતા દરમિયાન સુધીનો કામ ચલાઉ મનાઇ હુકમ વાદીના લાભ મા ફરમાવવા અરજ ગુજારેલ છે .દાવાના કામે વાદી તરફે આંક ૨૦ થી કાઉન્ટર એફીડેવીટ આપવામા આવેલ છે જે વંચાણે લેવામા આવેલ છે .

**(૨)** આ કામે દાવો તથા હાલની અરજી દાખલ થતા પ્રતીવાદીને ધોરણસર સમન્સ/નોટીસ કાઢવામાં આવેલ છે. પ્રતીવાદી ને સમન્સ ની બજવડી થતા તેઓ વકીલ મારફતે હાજર થયેલ છે અને પ્રતિવાદીઓ તરફે આંક ૧૫ થી દાવાઅરરજી તથા હાલની અરજી સામે લેખિત જવાબ રજુ થયેલ છે જેમા તેઓએ દાવા અરજી તથા મનાઇ અરજી ની મોટાભાગની હકિકતો નો ખંડન કરી મુખ્યત્વે જણાવેલ છે કે મોજે નિઝર તથા કુકરમુન્ડા તાલુકા માથી તાપી નદી પુર્વ થી પશ્ચિમ દિશા માથી પસાર થાય છે સરકાર શ્રી તાપી નદી ઉપર ઉકાઇ ગામે બાંધ બાધવાનુ આયોજન કરેલ હતુ જેથી આ યોજના હેઠળ બાધવાના કારણે પાણી મા કુગારો થતા તે પાણી જેટલો વિસ્તાર ડુબાણમા જતો હોય એટલો ભાગ સરકારશ્રી જમીન સંપાદન કરી જેતે ખેડુતો ને નાણીકિય વણતર આપી જમીન સરકાર હસ્તક કરી હતી .જેથી દાવાવાળી જમીન મુળ માલીક નો પોતાનો હક્ક માલીકી હક્ક સમાપ્ત થઇ ગયો હતો .અને જમી પાણીપત્રક મા માલિક તથા કબજેદાર સદરમા ઉકાઇ જાહેર બાંધકામખાતુ એ રીતે નોધ થયેલ છે તે રીતે ફેરફાર થઇ છે તેવી જ રીતે દાવાવાળી જમીન સરકાર શ્રી એ સંપાદન કરી છે જેથી વાદીના અગ્રહક્કધારી દાવાવાળી જમીનના માલીક હક્ક સમાપ્ત થઇ જતા હાલ મા માલીક તથા તેમજ કબજેદાર સરકારશ્રી છે તેથી સરકારશ્રી ને આ કામે પક્ષકાર તરીકે જોડી તેઓને સાંભળવાની તેમજ પુરાવો આપનાની તક આપ્યા સિવાય સરકારશ્રી ની જમીન અંગે કોઇ પણ નિર્ણય કરવા ઉચિત નથી તેમજ સરકારશ્રી ને ન જોડવાથી પક્ષકાર ની ખામી નો બાધ નડે છે .વધુ મા જણાવવા મા આવેલ છે કે સરકારશ્રી વિરૂદ્ધ દાવો સાંભળવવા અત્રેની કોર્ટ ને હુકુકત નથી .વાદી જે મિલકત ઉપર દાવો લાવેલ છે તે મિલકત સરકારશ્રીમા સંપાદન કરવામા આવેલ છે અને જે સર્વે નંબર મોજે કન્દ્રોજ ના નિઝર (હાલ કુકરમુન્ડા)જી. તાપી મુકામે બ્લોક/સર્વે નં

૧૧/૧ જેનો ક્ષેતફળ હે.આરે.ચો.મી ૧–૨૫–૪૫ આકાર રૂ ૦=00 વાળી જમીન ઉપર દાવો દાખલ કરવામા આવેલ છે પરંતુ સદર જમીનનો જુનો સર્વે નં ૧૧ નો ૭/૧૨ જોતા સને ૧૯૬૬–૬૭ થી મા રાયલા હોનજી મયતના વારસ વિજયસિંગ જાતે ખેડે છે એમ દર્શાવવા મા આવેલ છે સને ૧૯૬૬–૬૭ થી ૧૯૭૦–૭૧મા રાયલા હોનજી મયતના વારસ વિજયસિંગ જાતે ખેડે છે અને ૧૯૭૧–૭૨ મા વિજયસિંગ રાયલા ખેડતા આવેલ છે એમ દર્શાવવા આવેલ છે ત્યાર બાદ સદર જમીન ઉકાઇ મા સંપાદન થતા જમીનના બદલામા દરેક ખેડુતોને જમીનની ફાળવળી કરવામા આવેલ છે તેથી પ્રતિવાદીના પિતાજીને જમીનના બદલામા મોજે પાટીબંધારા તા ઉચ્છલ જી.તાપી મુકામે જુનો સર્વે નં ૨૩ પૈકી ૧૯૬ નવો સર્વે નં ૧૮૫ ક્ષેત્રફણ ૧–૨૧–૨૭ આકાર ૩.૨૦ વાળી જમીન ફાળવવા મા આવેલ અને હાલ પ્રતિવાદીના પિતાજી તથા ફોઇના નામે ચાલી આવેલ છે .સદર તકરારી જમીનના મુળ માલીક હોનજીભાઇ હિરા કરીને હતા તેઓ તા ૨૭/૦૮/૧૯૫૫ ના રોજ મૈયત થતા તેઓના કાયદેસરના વારસોમા ૧) મોત્યા હોનજી ૨) રાયલા હોનજી ૩) વેસ્તા હોનજીના નામો દાખલ કરવામા આવેલ છે જેની નોધ નં ૧૬૦ તી તા ૦૩/૦૪/૧૯૫૭ ના રોજ પ્રમાણિત કરવામા આવેલ છે વધુ મા જણાવવા મા આવેલ છે કે વાદી દ્ધારા દાવા અરજી પર યોગ્ય કોર્ટફી ભરવામા આવેલ નથી વાદી દ્ધારા દાવો યોગ્ય રીતે દાવો દાખલ કરવામા આવેલ નહી વધુ મા જણાવવામા આવેલ છે કે દાવાવાળી જમીનના માલીક સરકારશ્રી છે તેથી સરકારશ્રી ની યોગ્ય પરવાનગી મેળવ્યા સિવાય ખેડ કરી ઉપજ લેવાય તેમ નથી તેથી વાદીની હકિકતે ખોટી સાબિત થાય છે સરકારશ્રી ની જમીનમા ખેડ કરવા ઉપજ લેવા માટે સરકારશ્રી ની જરૂરી પરવાનગી સિવાય નુ કૃત્ય ગણાય જે સજાને પાત્ર છે ગુનેગારને કાયદા અન્વયે રક્ષણ મળે તેમ નથી .ઉલટ ગુનેગાર ને ઉત્તેજન મળે તેમ છે વાદી મજકુર ને પ્રતીવાદીએ કોઇ પણ રીતે અટકાયત કે હરકત ધમકી આપી નથી દાવા નુ કારણ ઉપજાવી કાઢવામા આવેલ છે .વાદી દાવાવાળી મિલકત દાવાવાળી તારીખે શુ સ્થતી છે તે દર્શાવવા પાણી પત્રક નમુના નં ૦૬ તથા અન્ય જરૂરી પુરાવા રજુ કરેલ નથી જેથી વાદી કપટ પુર્વક ખરી હકીકત છુપાવી બીન જરૂરી દસ્તાવેજ ના આધારે હાલનો

દાવો કરી કોર્ટ ને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે અને હાલની અરજી રદ્દ કરવા તથા વળતર અપાવવા રજુઆત કરવામા આવેલ છે .

**(૩)** આ કામના વાદીએ તેમના દાવા તથા મનાઈ અરજીના સમર્થનમાં માર્ક ૩/૧ થી ૩/૦૫ સુધી ના દસ્તાવેજી લીસ્ટ થી દસ્તાવેજો રજુ કરેલ છે જે વંચાણે લેવામા આવેલ છે.પ્રતીવાદી તરફે માર્ક ૧૬/૧ થી ૧૬/૩ સુધી ના દસ્તાવેજ રજુ કરવામા આવેલ જે વંચાણે લેવામા આવેલ છે .વાદી તરફે વિ.વ શ્રી આર. એમ વળવી ની દલીલ સાંભળવામા આવેલ છે તથા પ્રતિવાદી તરફે વિ.વ શ્રી ડી.જે ઠાકરે ની મૌખિક દલીલ સાંભળવામા આવેલ છે .

**(૪)** ઉપરોકત હકીકતો આધારે આ કામે વાદીની મનાઈ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**// મુ દ્દા ઓ //**

(૧) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?
(૨) શું હુકમ?

**(૫)** ઉપરોકત મદ્દાના મારા જવાબો નીચે મુજબ છે.

// જ વા બ //

(૧) નકારમાં
(૨) આખરી હુકમ મુજબ

*//કા ર ણો //*

**મુદ્દા નં. ૧ અને ૨**

**(૬)** બંન્ને પક્ષોની રજુઆતો, રજુ થયેલ દસ્તાવેજો તથા તમામ સંજોગો ધ્યાને લેતા માંગ્યા મુજબની દાદ મેળવવા વાદીએ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર પ્રાઈમા ફેસી કેસ, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા ઈરરીપેરેબલ લોશના પરિબળો પોતાના પક્ષમાં પુરવાર કરવાનુ રહે છે પંરતુ વાદીએ સર્વપ્રથમ તેઓનો પ્રાઈમાફેસી કેસ પુરવાર કરવાનો રહે છે. હાલનો દાવો વાદીએ કાયમી મનાઇ હુકમ માટે કરેલ છે હવે વાદીએ જણાવેલ છે કે હાલની દાવાવાળી જમીન સદર જમીન ઉકાઇ જળાશય બાંધકામ ખાતુ યોજના હેઠળ આવેલ છે. સદરહુ દાવાવાળી જમીન ઉકાઇ જળાશય યોજનાની પાણીની સપાટી ૩૪૫ ફૂટ પુરતી સીમીત હોવાથી બાકીની જમીનમા પાણી ના ભરાતુ

હોવાથી તે બચત જમીન સદર જમીનના જેતે માલિકી હેઠળ ખેડવામા આવતી હોવાથી વાદી તેના ઉપર કાયદેશરના માલિક તરીકે કબજો છે.આમ વાદી તરફે ની સદરહુ રજુઆત ધ્યાને લેતા દાવાવાળી જમીન ઉકાઇ જળાશય બાંધકામ ખાતાની છે આમ વાદી દાવાવાળી જમીન ના માલીક હોવાનુ ફલીત થતુ નથી . વાદી ની માલીકી બાબતના પ્રાયમાફેસી માનવાપાત્ર દસ્તાવેજ વાદી તરફે રજુ થયેલ નથી . વાદી સદરહુ જમીન મા કબજા માટે કે ખેડ કરવા માટે કોઇ ઉકાઇ જળાશય બાંધકામ ખાતાની કે સક્ષમ અધિકારી ની પરવાનગી કે કોઇ આધાર રજુ કરેલ નથી . વાદીએ કાઉન્ટર એફીડેવીટ મા જણાવેલ છે કે ઉકાઇ ડેમ મા જે જમીન ઉકાઇ જળાશય મા ડુબી જાય છે તે જમીન સમય જતા દર વર્ષે પાણીને સ્તર ઓછો થતા જે તે જમીનના માલિક અથવા તેના વાલી વારસદારોને સદર જમીન ખેડવાની છુટ આપવામા આવેલી છે સદરહુ છુટ આપવામા આવેલ હોવા બાબતનો કોઇ માનવાલાયક દસ્તાવેજી આધાર પુરાવો વાદી તરફે રજુ થયેલ નથી  આમ સદરહુ સંજોગો બંન્ને પક્ષ ની તમામ હકિકતો ધ્યાને લેતા વાદી તેઓનો પ્રાયમા ફેસી કેસ પુરવાર કરવામા સફળ રહેલ હોવાનુ જણાઇ આવતા નથી .સદરહુ સંજોગોમાં બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને  ઈરીપેરેબલ  લોશમાં  પરિબળોની ચર્ચા કરવાની જરૂર રહેતી નથી. આમ, ઉપરોક્ત કારણ ધ્યાને લેતા વાદી હાલની અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર જણાઈ આવતા ન  હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

**હુકમ**

૧. વાદીની હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઇ હુકમ કરવામા આવતો નથી .

હુકમ આજ તારીખ ૧૦ માહે જુલાઇ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૧૦–૦૭–૨૦૨૩ (પંકજકુમાર શ્રીકૃષ્નમુરારી રાય)

સ્થળ – નિઝર મુખ્ય સીવીલ જજ–નિઝર

જી.જે.૦૧૪૫૦